" સંસ્કૃતિ " (T.C.R.)

VADGAMA ASSOCIATES
ASHWIN N. VADGAMA
KUNJAN R. VADGAMA
ADVOCATE
4, Gopal Nagar - RAJKOT.
M. 9904843299/7575043299

# VADGAMA ASSOCIATES

ASHWIN N. VADGAMA | KUNJAN R. VADGAMA

ADVOCATE

MO. 99048 43299 | MO. 75750 43299

(Advocate) Gujarat High Court.

4-Gopal Nagar, Rajkot-360002.


## –:: ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ::–

**મીલ્કતના માલીક–**

**નેમીનાથ ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો–** (પાન નં. AAQFN 5806 M)

(૧) **શ્રી અભીષેક રશ્મીકાંત મહેતા,** ધર્મે : હિન્દુ, ઉ.વ.આ. ૨૪, ધંધો : વેપાર,

રહે. : "પુષ્પમ", ૧–વિદ્યાનગર, રાજકોટ.

(૨) **શ્રી સાગર પરેશભાઈ પટેલ,** ધર્મે : હિન્દુ, ઉ.વ.આ. ૨૭, ધંધો : વેપાર,

રહે. : "સ્તવન", ૬–ઈન્દ્રપ્રસ્થનગર,

હેમુ ગઢવી હોલ પાછળ, રાજકોટ.

રા. મ્યુનિ. કોર્પો. ની બાંધકામ પરવાનગી નં. ૧૨૭૮, તા. ૨૪–૧૦–૨૦૧૯

ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૨૬૨ પૈકીની બીનખેડવાણ થયેલ જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૬ પૈકીની કુલ જમીન ચો.મી.આ. ૨૯૮–૯૨ (પ્લાન મુજબ ચો.મી.આ. ૨૯૩–૯૦) ઉપર રહેણાંક હેતુ માટે બાંધવામાં આવેલ **"સંસ્કૃતિ"** ના નામથી ઓળખાતા બીલ્ડીંગનો સ્થાવર મિલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ આપવા અંગે.

**સ્થાવર મિલ્કતનું વર્ણન :–**

સદરહું મિલ્કતવાળી રાજકોટના રેવન્યુ સર્વે નં. ૨૬૨ પૈકીની ખેતીની જમીન એકર ૫–૨૦ ગુઠા ખાતેદાર ખેડુત દરજજે શ્રી ગુલાબસિંહ ખેંગારજી ધરાવતા હતા તે બાદ સદરહુ જમીન તેઓએ બીનખેતી કરાવવા માટે કલેકટર કચેરી, રાજકોટમાં અરજી કરતા સદરહુ કચેરીએ બીનખેતી હુકમ નં. લેન્ડ–એન–એ–૧૨૪, તા. ૦૪/૧૧/૧૯૬૧ થી રહેણાંક હેતુ માટે બીનખેતી કરી આપેલ.

તે બાદ શ્રી ગુલાબસિંહ ખેંગારજીએ સદરહુ બીનખેતીમાં મુકેલ તમામ જમીન ૧ નંબરની બુકના નં. ૨૫૪૨, વો. ૩૨૭, તા. ૧૦/૦૯/૧૯૬૩ ના વેચાણ દસ્તાવેજથી શ્રી કમળાબેન ભીમજીભાઈને વેચાણ આપેલ.

તે બાદ શ્રી કમળાબેન ભીમજીભાઈએ સદરહું બીનખેતી પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૬ ની જમીન ચો.વા.આ. ૬૫૮–૮–૦ બરાબર ચો.મી.આ. ૫૫૦–૮૬ તેઓએ ૧ નંબરની બુકના નં. ૧૭૫૪, વો. ૩૮૧, તા. ૧૪/૦૮/૧૯૬૪ના વેચાણ દસ્તાવેજથી પટેલ બાબુભાઈ ભીમાભાઈ સુખડીયા વિગેરેને વેચાણ આપેલ.

તે બાદ પટેલ બાબુભાઈ ભીમાભાઈ સુખડીયા વિગેરેએ પ્લોટ નં. ૧૬ પૈકીની દક્ષીણ તરફની જમીન ચો.વા.આ. ૧૧૭–૧–૦ બરાબર ચો.મી.આ. ૯૭–૮૯ અનુ. નં. ૨૨૮૪, તા. ૧૧/૦૫/૧૯૬૬ ના વેચાણ દસ્તાવેજથી પટેલ આંબા હરજીભાઈ શીંગાળાને વેચાણ આપેલ તેમજ પ્લોટ નં. ૧૬ પૈકીની ઉતર તરફની જમીન ચો.વા.આ. ૨૪૧–૧–૦ બરાબર ચો.મી.આ. ૨૦૧–૬૦ અનુ. નં. ૨૨૮૫, તા. ૧૧/૦૫/૧૯૬૬ જેના ૧ નંબરની બુકના નં. ૪૦૩૪, વો. ૫૩૭, તા. ૦૬/૧૨/૧૯૬૬ ના વેચાણ દસ્તાવેજથી નાનાલાલ હરજીવનભાઈ પંડયા વિગેરેને વેચાણ આપેલ.

.. ૨ ..

ASHWIN N. VADGAMA G/3139/2000 ADVOCATE

તે બાદ નાનાલાલ હરજીવનભાઈ પંડયા વિગેરેએ પ્લોટ નં. ૧૬ પૈકી ઉત્તર તરફની જમીન ચો.વા.આ. ૨૪૧–૧–૦ અનુ. નં. ૪૯૮૮, તા. ૩૦/૧૧/૧૯૭૦ ના વેચાણ દસ્તાવેજથી ભીમજી ગોવિંદ ગઢીયા વિગેરે–ચાર ને વેચાણ આપેલ તે બાદ સદરહું જમીન ઉપર તેઓએ મકાનનં. બાંધકામ કરેલ.

તે બાદ ભીમજી ગોવિંદ ગઢીયા વિગેરે–ચાર પૈકી જીવાભાઈ સવાભાઈ ગઢીયાએ તેનો પ્લોટ નં. ૧૬ પૈકી જમીન ચો.મી.આ. ૪૯–૨૪ નો ચોથો અવિભાજય હિસ્સા મુજબ આવેલ મકાન અનુ. નં. ૩૪૦૩, તા. ૦૮/૧૦/૨૦૦૧ ના વેચાણ દસ્તાવેજથી શૈલેષભાઈ ભીમજીભાઈ ગઢીયાને વેચાણ આપેલ.

તેમજ બીજા ચોથા ભાગના હિસ્સેદાર કેશાભાઈ ગોવિંદભાઈ ગઢીયાનું અવસાન થતાં તેના કાયદેસરના વારસદાર દરજ્જે સુરેશભાઈ કેશાભાઈ ગઢીયાએ રાજકોટની કોર્ટમાંથી દિ.પ.અ.નં. ૩૮૪/૨૦૧૩ થી વારસા સર્ટીફીકેટ મેળવેલ.

તેમજ ત્રીજા ચોથા ભાગના હિસ્સેદાર અંબાભાઈ સવાભાઈ ગઢીયાનું અવસાન થતાં તેના કાયદેસરના વારસદાર દરજ્જે જીણાભાઈ અંબાભાઈ ગઢીયાએ રાજકોટની કોર્ટમાંથી દિ.પ.અ.નં. ૧૭૦/૨૦૧૩ થી વારસા સર્ટીફીકેટ મેળવેલ.

તેમજ ચોથા ચોથા ભાગના હિસ્સેદાર ભીમજીભાઈ ગોવિંદભાઈ ગઢીયાનું અવસાન થતાં તેના કાયદેસરના વારસદાર દરજ્જે શૈલેષભાઈ ભીમજીભાઈ ગઢીયાએ રાજકોટની કોર્ટમાંથી દિ.પ.અ.નં. ૪૪૫/૨૦૧૩ થી વારસા સર્ટીફીકેટ મેળવેલ.

તે બાદ શૈલેષભાઈ ભીમજીભાઈ ગઢીયા, જીણાભાઈ આંબાભાઈ ગઢીયા તથા સુરેશભાઈ કેશાભાઈ ગઢ ીયા એ ત્રણેય હીસ્સાદારોએ અનુ. નં. ૮૪૮૩, તા. ૧૬/૧૨/૨૦૧૩ થી વહેચણી દસ્તાવેજ કરેલ.

અને તે બાદ જીણાભાઈ આંબાભાઈ ગઢીયાએ તેના ભાગમાં આવેલ અનુ. નં. ૮૪૯૦, તા. ૧૬/૧૨/૨૦૧૩ના વેચાણ દસ્તાવેજથી શૈલેષભાઈ ભીમજીભાઈ ગઢીયાને વેચાણ આપેલ.

તેમજ પટેલ આંબા હરજીભાઈ શીંગાળાએ પ્લોટ નં. ૧૬ પૈકીની જમીન ચો.વા.આ. ૧૧૭–૧ ઉપરનુ મકાન અનુ. નં. ૩૩૭૨, તા. ૦૫/૧૦/૨૦૦૧ (નવો નં. ૧૭૦૮૫, તા. ૦૫/૧૧/૨૦૦૭) થી સુરેશભાઈ કેશાભાઈ ગઢીયાને વેચાણ આપેલ.

તે બાદ સુરેશભાઈ કેશાભાઈ ગઢીયા તેના ભાગની કુલ જમીન ચો.મી.આ. ૭૧–૧૧૭૦ ઉપરના મકાન અનુ. નં. ૧૩૩૮, તા. ૨૬/૦૨/૨૦૧૪ ના વેચાણ દસ્તાવેજથી અરવિંદભાઈ ભગવાનજીભાઈ ગઢીયાને વેચાણ આપેલ.

તે બાદ અરવિંદભાઈ ભગવાનજીભાઈ ગઢીયાએ હયાત મકાન પાડી જમીનનું સમથળ કરી પ્લોટ નં. ૧૬ પૈકીની જમીન ચો.મી.આ. ૭૧–૧૧૭૦ ખુલ્લી જમીન અનુ. નં. ૯૩૪૭, તા. ૩૦/૦૭/૨૦૧૯ના રોજ નેમીનાથ ડેવલોપર્સ ભાગીદારી પેઢીના ભાગીદારો શ્રી અભીષેક રશ્મીકાંત મહેતા તથા સાગર પરેશભાઈ પટેલને વેચાણ આપેલ.

તેવી જ રીતે સુરેશભાઈ કેશાભાઈ ગઢીયાએ હયાત મકાન પાડી જમીનનું સમથળ કરી પ્લોટ નં. ૧૬ પૈકીની જમીન ચો.મી.આ. ૭૬–૬૧ ખુલ્લી જમીન અનુ. નં. ૯૩૪૯, તા. ૩૦/૦૭/૨૦૧૯ના રોજ નેમીનાથ ડેવલોપર્સ ભાગીદારી પેઢીના ભાગીદારો શ્રી અભીષેક રશ્મીકાંત મહેતા તથા સાગર પરેશભાઈ પટેલને વેચાણ આપેલ.

તેમજ શૈલેષભાઈ ભીમજીભાઈ ગઢીયાએ હયાત મકાન પાડી જમીનનું સમથળ કરી પ્લોટ નં. ૧૬ પૈકીની જમીન ચો.મી.આ. ૫૧–૧૯૨૫ ખુલ્લી જમીન અનુ. નં. ૮૭૭૭, તા. ૧૬/૦૭/૨૦૧૯ના રોજ નેમીનાથ ડેવલોપર્સ ભાગીદારી પેઢીના ભાગીદારો શ્રી અભીષેક રશ્મીકાંત મહેતા તથા સાગર પરેશભાઈ પટેલને વેચાણ આપેલ.

ASHWIN GAMA G/3139/ 2000 ADVOCATE

આમ નેમીનાથ ડેવલોપર્સ ભાગીદારી પેઢી એ પ્લોટ નં. ૧૬ પૈકીની કુલ જમીન ચો.મી.આ. ૨૯૮–૯૨ ઉપર અગાઉના માલીકના નામે રા. મ્યુ. કો. માંથી બાંધકામ પરવાનગી તથા મંજુર કરાવેલ બીલ્ડીગ પ્લાન પાસ કરાવી અન્વયે રહેણાંક હેતુના ફલેટસનુ પ્લાન મુજબ ગ્રાઉન્ડ ફલોરમાં કોમન કવર્ડ પાર્કીગ, લીફટ તથા સીડીનું બાંધકામ તથા ફર્સ્ટ ફલોર થી ફીફથ ફલોર સુધીમાં લીવીગ, કીચન, એક સ્ટડીરૂમ, એક ડબલ્યુ–સી, એક વોશ તેવા દરેક માળે છ રહેણાંક યુનીટ(કુલ ૩૦ યુનીટ) તથા દરેક માળે કોમન પેસેજ, લીફટ, સીડીનું બાંધકામ કરેલ છે. તે સદરહુ સમગ્ર લો–રાઈઝડ બિલ્ડીગને **"સંસ્કૃતિ"** નામ આપવામાં આવેલ છે.

ઉપરોકત સ્થાવર મિલ્કતની અસલ તથા ખરી નકલોની ફાઈલ મારી પાસે અભીપ્રાય માટે રજુ થતા જે અંગેના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આ સાથે સામેલ છે.

આથી હું નીચે સહી કરનાર શ્રી અશ્વિન એન. વડગામા, એમ.કોમ. એલ.એલ.બી. એડવોકેટ ગોપાલનગર શેરી નં. ૪, રાજકોટ. સદરહું મિલ્કત અંગે ૩૦ વર્ષનું સર્ચ કરી(પહોંચ નં. ૨૦૨૦૦૨૨૦૦૪૩૭૨, તા. ૨૦/૦૨/૨૦૨૦ તથા પહોંચ નં. ૨૦૨૦૦૨૩૦૦૫૨૯૬, તા. ૨૦/૦૨/૨૦૨૦) અને તમામ સરકારી રેકર્ડ તપાસી અને પ્રાપ્ત થયેલ દસ્તાવેજોની વિગતોની ચકાસણી કરી છે અને ત્યારબાદ હું નિર્ણય પર આવ્યો છુ તે મિલ્કતના ટાઈટલ મારી દ્રષ્ટીએ કલીયર, માર્કેટેબલ તેમજ કોઈપણ પ્રકારની વ્યાજબી શંકાઓ રહીત છે.

(૧) મિલ્કતનું વર્ણન, સ્થળ અને ચર્તુ:સીમા ::–

રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૨૬૨ પૈકીની બીનખેડવાણ થયેલ જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૬ પૈકીની કુલ જમીન ચો.મી.આ. ૨૯૮–૯૨ (પ્લાન મુજબ ચો.મી.આ. ૨૯૩–૯૦) ઉપર રહેણાંક હેતુ માટે બાંધવામાં આવેલ **"સંસ્કૃતિ"** તરીકે ઓળખાતી લો–રાઈઝડ બિલ્ડીગ આવેલ છે, જેની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ઉતરે | :– | પ્લોટ નં. ૧૮ પૈકીની અન્યની માલીકીની મીલ્કત આવેલ છે. |
| દક્ષિણે | :– | પ્લોટ નં. ૧૬ પૈકીની અન્યની માલીકીની મીલ્કત આવેલ છે. |
| પુર્વે | :– | ૯–૦૦ મીટર પહોળાઈનો રસ્તો આવેલ છે. |
| પશ્ચિમે | :– | પ્લોટ નં. ૧૫ ની અન્યની માલીકીની મીલ્કત આવેલ છે. |

સદરહું સ્થાવર મિલ્કતના ઉતરોતર દસ્તાવેજો નીચે મુજબ છે.

<u>ટાઈટલ ડીડઝ :–</u>

૧. સદરહું મિલ્કત અંગે રાજકોટ મ્યુની. કોર્પો. એ આપેલ બાંધકામ પરવાનગી, આરંભ પ્રમાણપત્ર, બીલ્ડીગ પ્લાન ની નકલ.

૨. અનુ. નં. ૧૨૨૪૮, તા. ૧૫/૧૦/૨૦૧૯ ના એ.ઓ.પી. ની નકલ.

૩. અનુ. નં. ૮૭૭૭, તા. ૧૬/૦૬/૨૦૧૯ નો વેચાણ દસ્તાવેજ અમારી પેઢી જોગ શૈલેષભાઈ ભીમજીભાઈ ગઢીયાએ કરી આપેલ છે તેની નકલ.

૪. અનુ. નં. ૯૩૪૯, તા. ૩૦/૦૭/૨૦૧૯ નો વેચાણ દસ્તાવેજ અમારી પેઢી જોગ સુરેશભાઈ કેશાભાઈ ગઢીયાએ કરી આપેલ છે તેની નકલ.

૫. અનુ. નં. ૯૩૪૭, તા. ૩૦/૦૭/૨૦૧૯ નો વેચાણ દસ્તાવેજ અમારી પેઢી જોગ અરવિંદભાઈ ભગવાનજીભાઈ ગઢીયાએ કરી આપેલ છે તેની નકલ.

૬. અનુ. નં. ૧૩૩૮, તા. ૨૬/૦૨/૨૦૧૪ નો વેચાણ દસ્તાવેજ અરવિંદભાઈ ભગવાનજીભાઈ ગઢીયા જોગ સુરેશભાઈ કેશાભાઈ ગઢીયાએ કરી આપેલ છે તેની નકલ.

.. ૪ ..

ASHWIN N. VADGAMA G/3139/2000 ADVOCATE

૭. અનુ. નં. ૮૪૮૩, તા. ૧૬/૧૧/૨૦૧૩ નો વહેચણી દસ્તાવેજ સુરેશભાઈ કેશાભાઈ ગઢીયા વિગેરે વચ્ચે થયેલ છે તેની નકલ.

૮. રાજકોટની કોર્ટમાંથી દી.પ.અ.નં. ૧૭૦/૧૩, તા. ૩૦/૦૪/૨૦૧૩ થી સ્વ. આંબાભાઈ સવાભાઈ ગઢીયાના વારસદાર દરજ્જે શ્રી જીણાભાઈ આંબાભાઈ ગઢીયાએ મેળવેલ વારસા સર્ટીફીકેટની નકલ.

૯. રાજકોટની કોર્ટમાંથી ગુજ. કેશાભાઈ ગોવિંદભાઈ ગઢીયાના વારસદાર દરજ્જે સુરેશભાઈ કેશાભાઈ ગઢીયાએ દી.પ.અ.નં. ૩૮૪/૨૦૧૩, તા. ૨૨/૦૭/૨૦૧૩ ના રોજ મેળવેલ વારસા સર્ટીફીકેટની નકલ.

૫. રાજકોટની કોર્ટમાંથી ગુજ. ભીમજીભાઈ ગોવિંદભાઈ ગઢીયાના વારસદાર દરજ્જે શૈલેષભાઈ ભીમજીભાઈ ગઢીયાએ દી.પ.અ.નં. ૪૪૫/૧૩, તા. ૦૨/૦૮/૨૦૧૩ ના રોજ મેળવેલ વારસા સર્ટીફીકેટની નકલ.

૬. ૧ નંબરની બુકના નં. ૬૫૦૦, વો. ૮૯૫, તા. ૧૯/૧૨/૧૯૭૦ થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજ ભીમજીભાઈ ગોવિંદભાઈ ગઢીયા વિગેરે જોગ નાનાલાલ હરજીવન પંડયા વિગેરેએ કરી આપેલ છે તેની નકલ.

૭. ૧ નંબરની બુકના નં. ૪૦૩૪, વો. ૫૩૭, તા. ૦૬/૧૨/૧૯૬૬ થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજ નાનાલાલ હરજીવન પંડયા વિગેરે જોગ પટેલ બાબુ ભીમજીભાઈ વિગેરેએ કરી આપેલ છે તેની નકલ.

૮. ૧ નંબરની બુકના નં. ૧૭૫૪, વો. ૩૮૧, તા. ૧૪/૦૮/૧૯૬૪ થી નોંધાયેલ વેંચાણ દસ્તાવેજ પટેલ બાબુ ભીમાભાઈ વિગેરે જોગ કમલાબેન ભીમજીભાઈ માનસતાએ કરી આપેલ છે તેની નકલ.

૯. ૧ નંબરની બુકના નં. ૨૫૪૨, વો. ૩૨૭, તા. ૧૦/૦૯/૧૯૬૩ થી નોંધાયેલ વેંચાણ દસ્તાવેજ કમલાબેન ભીમજીભાઈ માનસતા જોગ ગુલાબસિંહજી ખેંગારજી ઝાલાએ કરી આપેલ છે તેની નકલ.

૧૦. ૧ નંબરની બુકના નં. ૨૦૯૮, વો. ૨૨૬, તા. ૨૭/૦૯/૧૯૬૦ થી નોંધાયેલ વેંચાણ દસ્તાવેજ ગુલાબસિંહજી ખેંગારજી ઝાલા જોગ પટેલ ગાંડુ વાઘાએ કરી આપેલ છે તેની નકલ.

૧૧. સનદ નં. એન.એ.આર.ઈ.જી.૧૯૭, તા. ૩૦/૧૨/૧૯૬૧ ની નકલ.

૧૨. બીનખેતી હુકમ નં. ૧૨૪, તા. ૦૪/૧૧/૧૯૬૧ ની નકલ.

૧૩. અનુ. નં. ૩૩૭૨, તા. ૦૫/૧૦/૨૦૦૧ (નવો નં. ૧૭૦૮૫, તા. ૦૫/૧૧/૨૦૦૭) નો વેચાણ દસ્તાવેજ સુરેશભાઈ કેશાભાઈ ગઢીયા જોગ પટેલ આંબા હરજીભાઈ શીગાળાએ કરી આપેલ છે તેની નકલ.

૧૪. ૧ નંબરની બુકના નં. ૨૦૩૩, વો. ૫૪૪, તા. ૦૬/૧૨/૧૯૬૬ થી નોંધાયેલ વેંચાણ દસ્તાવેજ પટેલ આંબા હરજીભાઈ શીગાળા જોગ બાબુ ભીમાભાઈએ કરી આપેલ છે તેની નકલ.

૧૫. અનુ. નં. ૮૫૩૩, તા. ૧૦/૦૭/૨૦૧૯ નો ચુક સુધારા દસ્તાવેજ શૈલેષભાઈ ભીમજીભાઈ ગઢીયા જોગ જીણાભાઈ આંબાભાઈ ગઢીયાએ કરી આપેલ છે તેની નકલ.

૧૬. અનુ. નં. ૮૫૩૪, તા. ૧૦/૦૭/૨૦૧૯ નો ચુક સુધારા દસ્તાવેજ ગુજ. ભીમજીભાઈ ગોવિંદભાઈ ગઢીયાના વારસદાર દરજ્જે શૈલેષભાઈ ભીમજીભાઈ ગઢીયા વિગેરેના વારસદાર જીણાભાઈ આંબાભાઈ ગઢીયા વિગેરેએ કરી આપેલ છે તેની નકલ.

૧૭. અનુ. નં. ૮૪૯૦, તા. ૧૬/૧૨/૨૦૧૩ નો વેચાણ દસ્તાવેજ શૈલેષભાઈ ભીમજીભાઈ ગઢીયા જોગ જીણાભાઈ આંબાભાઈ ગઢીયાએ કરી આપેલ છે તેની નકલ.

.. ૫ ..

ASHWIN N. VADGAMA G/3139/2000 ADVOCATE

૧૮. અનુ. નં. ૮૪૮૩, તા. ૧૬/૧૨/૨૦૧૩ નો વહેચણી દસ્તાવેજ ગુજ. ભીમજીભાઈ ગોવિંદભાઈ ગઢીયાના વારસદાર દરજ્જે શૈલેષભાઈ ભીમજીભાઈ ગઢીયા વિગેરેના વારસદાર જીણાભાઈ આંબાભાઈ ગઢીયા વિગેરે વચ્ચે થયેલ છે તેની નકલ.

૧૯. અનુ. નં. ૩૪૦૩, તા. ૦૮/૧૦/૨૦૦૧ નો અવિભાજય હીસ્સાનો વેચાણ દસ્તાવેજ શૈલેષભાઈ ભીમજીભાઈ ગઢીયા જોગ જીવાભાઈ સવાભાઈ ગઢીયાએ કરી આપેલ છે તેની નકલ.

ઉપરોકત વર્ણનવાળી મિલ્કત ઉપર કોઈપણ પ્રકારનુ કરજ, બોજો નથી કે સદરહું મિલ્કત ઉપર કોઈપણ પ્રકારની જામીનગીરી સ્વીકારેલ નથી. સદરહું મિલ્કત ઉપર અન્ય કોઈપણ જગ્યાએથી લોન લીધેલ નથી કે કોઈપણ પ્રકારના દાવા દુવી પેન્ડીગ નથી તેવું પ્રથમ દ્રષ્ટિએ માલુમ પડેલ છે. આથી મારા સ્પષ્ટ અભિપ્રાય મુજબ સવાલવાળી મિલ્કતના ટાઈટલ કલીયર છે માર્કેટેબલ તથા ટાઈટલ કલીયર હોવાનું મારૂ માનવું છે.

રાજકોટ,

તારીખ :–૨૧/૦૨/૨૦૨૦

ASHWIN N. VADGAMA G/3139/2000 ADVOCATE

અશ્વિન એન. વડગામા

(એડવોકેટ)

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : વો નં.11 ટી પી નં.6 એફ પી નં.86 પૈકી

Search in : RAJKOT-1/RAJKOT-1

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૦૦૨૨૦૦૪૩૭૨ | અરજી નંબર | ૩૧૨૧ | અરજી વર્ષ | ૨૦૨૦ |
| તારીખ | ૨૦ | માહે | ફેબ્રુઆરી | સને | ૨૦૨૦ |

રજુ કરનારનું નામ એ એન વડગામા (એડ) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........ | |
| શેરોની નકલ કરવા માટે ફી........ | |
| ટપાલ ખર્ચ........ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | |
| શોધ અગર તપાસણી............Year: 1990 1998 | ૧૦૦.૦૦ |
| દંડ કલમ-૨૫........ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........ | |
| નકલ ફી ફોલીયો........ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........ | |

| | |
|---|---|
| કુલ એકંદરે રૂ. | ૧૦૦.૦૦ |

અંકે રૂપીયા એક સો શુન્ય પુરા

દસ્તાવેજ ---------- ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં / કચેરીમાં આપવામાં -------------- આવશે.

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

(Seal: THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-1 (CITY) / રાજકોટ સબ રજીસ્ટ્રારનો (સિક્કો) / સત્યમેવ જયતે)

એમ.જે.રાજયગુરૂ
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 1

IGR-NIC(G) -6084980779119653710 (W) ૨૦/૦૨/૨૦૨૦ 12:24:10

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : ટી.પી.ન:6 એફ.પી.ન:86 પૈકી

Search in : CITY SURVEY WARD No. 11/CITY SURVEY WARD No. 11

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૦૦૨૩૦૦૫૨૯૬ | અરજી નંબર | ૩૨૩૮ | અરજી વર્ષ | ૨૦૨૦ |
| તારીખ | ૨૦ | માહે | ફેબ્રુઆરી | સને | ૨૦૨૦ |

રજુ કરનારનું નામ એ.એન.વડગામા (એડ) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

રજીસ્ટ્રેશન ફી...................................................

નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો...................................

શેરોની નકલ કરવા માટે ફી.........................................

ટપાલ ખર્ચ.........................................................

નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )..............................

શોધ અગર તપાસણી.............Year: 1998 2020 ૨૪૦.૦૦

દંડ કલમ-૨૫........................................................

કલમ-૩૪ (કલમ-૫૭ )................................................

નકલ ફી ફોલીયો.....................................................

ઈન્ડેક્ષ-૨ ફી .......................................................

THE SEAL OF THE SUB-REGISTRAR OF રાજકોટ સબ રજીસ્ટ્રારનો સિક્કો સત્યમેવ જયતે રાજકોટ-૨ (મોરબી રોડ) RAJKOT-2 (MORBI ROAD)

| | |
|---|---|
| કુલ એકંદરે રૂ. | ૨૪૦.૦૦ |

અંકે રૂપીયા બે સો ચાલીસ પુરા

દસ્તાવેજ

_ _ _ _ _ _ _ _ _ _ _ ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

A. N. Dasani
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 2